(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular
No. 30, Edition 1903].

Civ.A 27g.

**ફો.કેસ નં. :– ૧૧૫૮/૨૦૨૩**
**આંક:– ૧૫નું સાંધણ**

**સોગંદ આપ્યા.....**
**આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી એસ.આર.ઝાલા**

(૨)	હું ભણેલો ન હોય મને લખતા વાંચતા આવડતું નથી. ક્રિષ્ના હોસ્પીટલ,મોરબી ખાતે પોલીસ મારુ નીવેદન લેવા માટે આવેલા તે સાંજના સમયે આવેલા પરંતુ ચોકકસ સમય મને યાદ નથી. પોલીસ મારુ નીવેદન લેવા માટે મોરબી મુકામે આવેલા ત્યારે મારી સાથે મારા કાકા પ્રવીણભાઈ હતા. પોલીસ મારુ નીવેદન કાગળ ઉપર પેનથી લખતા હતા અને તે વખતે હું બેભાન જેવો હતો, મને જેવી તેવી ભાન હતી. પોલીસે કાગળમાં શું લખેલ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, પોલીસે આ લખાણ મને વાંચી સંભળાવેલ નહી. એ વાત ખરી છે કે, આ લખાણ મારા કાકા પ્રવીણભાઈ પોલીસને લખાવતા હતા. એ વાત ખરી નથી કે, *રાત્રીના નવ વાગ્યાના અરસામાં બનાવ બનેલ તે દિવસે હું મારી વાડીએ નાકા વારતો હતો* તેવી હકીકત મારી ફરીયાદમાં મેં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે, *ત્યારે અક્ષયભાઈ અને અનીલભાઈએ મને બેસવા માટે કેનાલ બોલાવેલ* તેવી હકીકત મારી ફરીયાદમાં મેં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે, *ત્યારબાદ તળાવ પાસે ગયેલા* તેવી હકીકત મારી ફરીયાદમાં મેં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે, *નીચે ઉતર્યા બાદ હું અક્ષયભાઈ સાથે વાત કરતો હતો પાછળથી રમણીકભાઈ કે જે અક્ષયભાઈના કાકા છે તે આવેલા. અક્ષયભાઈએ મને પુછેલ કે, મારી બેન સાથે લફરા કેમ કરે છે? મેં એને કહેલ કે મારે તારી બહેન સાથે કાંઈ છે નહી અને તેમ કહેતા મને ડાયરેકટ પાછળથી ઢીકાપાટુ મારવા લાગેલા પછી હું નીચે પડી ગયેલો. અક્ષયે મને ઉભો કરેલો* તેવી હકીકત મારી ફરીયાદમાં મેં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે, *તેથી હું નીચે પડીને બેભાન થઈ ગયેલો અને એ લોકો ત્યાં ને ત્યાં આંટા મારતા હતા અને ફોન કરીને કોઈકને બોલાવતા હતા. પછી મને ભાન આવતા ઉભો થયેલો અને હું ભાગીને મારા ગેલાકાકાની વાડીએ જતો રહેલો. એ લોકો મને પછી શોધતા હતા* તેવી હકીકત મારી ફરીયાદમાં મેં જણાવેલ નથી.

એ વાત ખરી છે કે, બનાવ સમયે મેં કયા કપડા પહેરેલા હતા તેની વીગત મારી ફરીયાદમાં લખાવેલ નથી. હું બેભાન હતો તે દરમ્યાન શું શું બનેલ તેની મને ખબર નથી. હું બેભાન હતો તે દરમ્યાન મેં કોઈ ડોકટરને કાંઈ લખાવેલ નથી. એ વાત ખરી છે કે, પ્રવીણભાઈ લાલજીભાઈ બનાવ સ્થળે હાજર ન હતા. એ વાત ખરી છે કે, બનાવ સમયે અંધારુ હોવાથી કાંઈ જોઈ શકાતુ ન હતું. એ વાત ખરી નથી કે, ફરીયાદ મુજબનો કોઈ બનાવ બનેલ નથી. એ વાત ખરી નથી કે, ખોટો બનાવ ઉભો કરી આરોપીઓને ખોટી રીતે સંડોવી દીધેલ છે. એ વાત ખરી નથી કે, સરતપાસમાં ખોટી હકીકત જણાવેલ છે. એ વાત ખરી નથી કે, સોગંદ ઉપર આરોપીઓ વિરુધ્ધ ખોટી જુબાની આપુ છું.

**ફેરતપાસ નથી.**

સ્થળ:– હળવદ.
તારીખ:– ૨૨/૮/૨૦૨૫
સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

*એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*